## બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓની નિવૃત્તિની તારીખ નક્કી કરવા અંગે

શિક્ષણ વિભાગ, નં. એસઈઆર/1081/7730-5-છ,
બ્લૉક નં. 5, 7મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર, તા. 23-1-'84

પ્રતિ,
હિસાબ અને તિજોરી નિયામકશ્રી,
ગુજરાત રાજય,
અમદાવાદ

**વિષય :** બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓની નિવૃત્તિની તારીખ નક્કી કરવા બાબુતે.

ઉપરોક્ત વિષય પરત્વેના આપના તા. 25-11-'83ના પત્ર નં. : ડીએટી/પેન્શન નિવૃત્તિની તારીખ 707 અન્વયે સરકારશ્રીનો તા. 28-10-'83નો ઠરાવ તેનું આમુખ તથા અન્ય વિગતો વંચાણે લેતાં સ્પષ્ટ છે તથા તેનું હાર્દ પેન્શનરની નિવૃત્તિતારીખ બાબતે એકસૂત્રતા તથા સરળતા કરવાનું છે. તા. 28-10-'83ના ઠરાવથી વિનિયમ 36નો પરંતુક સુધાર્યો નથી. માત્ર તે પરંતુકના હેતુ માટે સત્રનો અંત ગણી પેન્શન માટેની નિવૃત્તિ વયમર્યાદા કઈ ગણવી તેની સ્પષ્ટતા સદર ઠરાવથી સ્પષ્ટ છે કે હવે કર્મચારીની નિવૃત્તિની તારીખો 31મી મે અથવા 31મી ઑક્ટોબર રહેશે. 1લી જૂનથી 31મી ઑક્ટોબર સુધીમાં 58 વર્ષ પૂરાં કરનાર કર્મચારી 31મી ઑક્ટોબર તથા 1લી નવેમ્બરથી 31મી મે સુધીમાં 58 વર્ષ પૂરાં કરનાર કર્મચારી 31મી મેના રોજ નિવૃત્ત થાય નિવૃત્તિના હેતુ માટે વૅકેશન જુદું પાડવાનું રહેતું નથી તથા ૩૧ મે અથવા ૩૧ ઑક્ટોબર સુધી નિવૃત્ત થનાર કર્મચારીને ડ્યુટી પે / ફરજપગાર મળે, જયારે તે તારીખ પછી પણ જો વેકેશન ચાલુ રહેતું હોય તો વિનિયમ 25 (3) મુજબ પછીના દિવસોનો પગાર મળે નહિ.

1લી જૂનના રોજ જન્મતારીખ હોય તો કર્મચારીએ તા. 31મી મેના રોજ નિવૃત્ત થવાનું રહે તેવા આપના મંતવ્યને વિનિયમ 3(1) વંચાણે લેતાં સમર્થન આપવામાં આવે છે. તે જ રીતે 1લી નવેમ્બર જન્મતારીખ ધરાવતા કર્મચારીએ તા. 31મી ઑકટોબરે નિવૃત્ત થવાનું છે.

તા. 28-10-'83ના ઠરાવના પેરા-2માં સ્પષ્ટતા થવા મુજબ હાલ પડતર હોય તેવા કેસોમાં પણ નિવૃત્તિની તારીખ સદર ઠરાવના હુકમો અનુસાર નક્કી કરવાની રહેશે.

સહી, અ. લ. રાવલ
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ